આત્માના વિકાસ માટે દુ:ખ આવશ્યક છે
- સ્વામી રામદાસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૫૦ | ૩૦ એપ્રિલ ૨૦૧૨, સોમવાર, વૈશાખ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# શરત ભંગના કેસોમાં ૧૧ લાખથી વધુની વસુલી

## પાટનગરમાં ભાવ તફાવત અંતર્ગત કરોડોની આવક મેળવતું તંત્ર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં શરતભંગના નોંધાયેલા જુદા જુદા કેસોમાં છેલ્લા એક વર્ષ દરમિયાન રૂ. અગિયાર લાખથી વધુ રકમની વસુલાત કરવા ઉપરાંત ભાવ તફાવત અંતર્ગત રૂ. ત્રણ કરોડ જેટલી માતબર રકમની વસુલાત કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ છેલ્લા એક વર્ષ દરમિયાન શરતભંગના ૩૫થી વધુ જેટલા કેસોનો તંત્ર દ્વારા નિકાલ કરવામાં આવ્યો છે. આ નિકાલ કરતાં તંત્રએ રૂ. ૧૧ લાખ ૬૮ હજારથી વધુ રકમનો દંડ જે તે શરતભંગ કરનારાને ફટકાર્યો હતો.

ગાંધીનગરમાં સરકારે જમીન ફાળવવા માટેની નીતિ અમલમાં મુકી છે અને તે હેતુ સિવાય અન્ય હેતુ માટે જો તેનો ઉપયોગ કરવામાં આવે તો તંત્ર દ્વારા શરતભંગની કાર્યવાહી કરવામાં આવે છે.


ગાંધીનગર શહેરમાં શરતભંગ હેઠળ અગાઉના વર્ષોમાં કરાયેલી વસુલાત સામે તાજેતરમાં સંપન્ન થયેલ વર્ષ દરમિયાન નોંધનીય કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ગત વર્ષ કરતાં આ રકમ એક લાખથી પણ વધુની વસુલી કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજ પ્રમાણે રાજય સરકાર દ્વારા વિકાસ દર નક્કી કરી અને બજારભાવ નક્કી કરવામાં આવે છે. આ કામગીરી જટિલ હોવાને કારણે ગાંધીનગરમાં સામાન્યતઃ ભાવ-તફાવત વસુલ કરવાની કામગીરીમાં પણ સારો એવો સમય પસાર થતો હોય છે. રાજય સરકારે ૨૦૦૯-૧૦ સુધીના જ ભાવો નિયત કર્યા છે.

આ દરમિયાન દસ્તાવેજોના ભાવ-તફાવતની વસુલાત વિશેષ જમીન ફાળવણી એકમ દ્વારા કરવામાં આવતી હોય છે. જિલ્લામાં ગત નાણાંકીય વર્ષ દરમિયાન આ ભાવ-તફાવતની રકમ પણ રૂ. બે કરોડ ૯૦ લાખથી વધુ વસુલી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાંથી શરતભંગના કેસોમાં લાખોની અને ભાવ-તફાવત અંતર્ગત બે કરોડથી પણ વધુની વસુલી કરી તંત્રએ સારું એવું ધ્યાન સરકારી લેણાંની વસુલી પર કેન્દ્રીત કર્યું છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સરકારી લેણાની વસુલાતની નબળી કામગીરીને લઈ એક તબક્કે અખબારોમાં પણ તેના અહેવાલો પ્રસિધ્ધ થયા હતા અને તંત્રને કલેકટરશ્રી એ આડે હાથ લીધું હતું. આ પછી તંત્ર એ આખો વ્યુહાત્મક અભિગમ અપનાવી અને આ બાકી વસુલાત પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. જો કે આટલી વસુલાત પછી હજુ પણ સારી એવી વસુલાત બાકી નીકળતી હોવાનું જાણવા મળેલ છે.



અમે ઉત્સવઘેલા ગુજરાતી... કવિની આ પંક્તિઓની યાદ એટલે આવી ગઈ કે ગાંધીનગરાઓનો ઉત્સવપ્રેમ અનોખો છે અને એની ઉત્સવ ઉજવણી પણ અનોખી હોય છે. પતંગોત્સવ હોય કે પ્રજાસત્તાકદિન હોય અહિ પર્વો અને ઉત્સવોની ઉજવણીનો માહોલ સાવ અનોખો જ હોય છે. ગુજરાતના ગૌરવ દિન એટલે કે રાજ્યના સ્થાપના દિનની ઉજવણી માટે નગરના હાર્દ સમા વિસ્તાર સ્વર્ણિમ પાર્ક અને સરકારી કચેરીઓ પર ૫૦ લાખથી પણ વધુ બલ્બની રોશની કરવામાં આવી રહી છે. રંગબેરંગી રોશનીમાં આ નગર નવવધૂએ સજેલા શણગાર જેવુ દીપી રહ્યું છે. **(તસવીર : દિપક જાની)**

# ૦ થી ૨ વર્ષના આયુના બાળકો માટે ખાસ રસીકરણ ઝુંબેશ ૪ તબક્કામાં થશે

## જિલ્લાના દોઢ લાખથી પણ વધુ બાળકોને આવરી લેવામાં આવશે, મે થી ઓગષ્ટમાં ચાર તબક્કા યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સ્વસ્થ બાલ સ્વસ્થ સમાજની રચનાના નવતર અભિગમ સાથે રાજયના આરોગ્યતંત્ર એ ચાલુ વર્ષને રસીકરણ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે અને ૦ થી ૨ વર્ષની આયુ ધરાવતા તમામ બાળકોને સઘન રસીકરણ હેઠળ આવરી લેવામાં આવશે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચાર તબક્કામાં રસીકરણની વિશેષ ઝુંબેશો હાથ ધરવામાં આવશે. મે, જુન, જુલાઈ અને ઓગષ્ટ-સપ્ટેમ્બર દરમિયાન આ ઝુંબેશોનું આયોજન કરવામાં આવશે.

સરકારના આ નિર્ણયને પગલે જિલ્લાના તમામ તબીબોને આ કાર્યક્રમની જાણકારી આપતી એક દિવસીય કાર્યશિબિર પણ તાજેતરમાં જિલ્લા પંચાયત ખાતે યોજાઈ ગઈ. જિલ્લા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના દોઢ લાખ જેટલા ૦ થી ૨ વર્ષની વયના બાળકોને આ ઝુંબેશ દરમિયાન આવરી લેવાનું આયોજન છે.

૧૪ મે થી ૧૭ મે દરમિયાન પ્રથમ તબક્કાનું અભિયાન હાથ ધરવામાં આવશે. જેમાં બાળકોને પોલિયો ઉપરાંત ત્રિગુણી, બીસીજી તેમજ મીઝલ્સની રસી પીવડાવવામાં આવશે.

બીજો તબક્કો ૧૮ જુનથી ૨૩ જુન દરમિયાન યોજવામાં આવશે ત્રીજો તબક્કો ૨૩ જુલાઈથી ૨૮ જુલાઈ અને ચોથો તેમજ અંતિમ તબક્કો ૨૭ ઓગષ્ટ થી ૧ સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં આવનાર છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રસીકરણ અંગે તાજેતરમાં ભારત સરકાર દ્વારા જાહેર થયેલ વિગતોમાં ગુજરાતનો ક્રમ ઘણો પાછળ હોવાની હકીકતોથી ચોંકી ઉઠેલા તંત્રએ તાત્કાલિક રસીકરણ ઝુંબેશને સઘન સ્વરૂપે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં સંપન્ન થયેલ પોલિયોના અભિયાનમાં જિલ્લામાં સારી કામગીરી થઈ હતી જે ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૭ પર



છાંયડો - ધોમધખતા તડકામાં વૃક્ષનો છાંયડો આશીર્વાદરૂપ બને છે... ઉનાળાના દિવસોમાં બપોરે સૂર્યથી ધરતી ધગધગે છે... ચારે તરફ ગરમી-ગરમી હોય છે.... માત્ર વૃક્ષનો છાંયડો એકમાત્ર સ્થળ કે જે સૂર્યની ગરમીથી બચાવે છે અને શીતળતા આપે છે.... ગરીબ વર્ગ માટે વૃક્ષનો આ છાંયડો એરકુલર કે એ.સી.ની ગરજ સારે છે.... **(તસવીર : દિપક જાની)**

# કૃષિ મહોત્સવ દરમ્યાન મુખ્યમંત્રી મોદી રોજ ખેડૂતો સાથે સીધો સંવાદ કરશે

## કેટલાક જિલ્લાઓમાં પ્રસારણ માટે ઉપકરણો ખરીદવામાં આવી રહ્યા છે : સરકારે ખાસ કિસ્સામાં આપેલી મંજૂરી

ગાંધીનગર, તા. ૨૯

ગરીબ કલ્યાણ મેળાઓમાં ગરીબો સાથે સીધો સંવાદ કર્યા બાદ રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી હવે કૃષિ મહોત્સવ દરમ્યાન પણ બાયસેગની મદદથી રોજ સાંજે રાજયના ખેડૂતો સાથે સંવાદ કરશે.

રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને રોજ સાંજના ૭ વાગે સંબોધન કર્યું હતું. આ પછી તેમણે શિક્ષકો સાથે પણ આવો સીધો સંવાદ કર્યો હતો.

રાજયના મુખ્યમંત્રીશ્રીએ ચૂંટણીનું આ વર્ષ હોઈ તમામ કાર્યક્રમો એક સાથે હાજરી આપી શકે નહિ એટલે તેમણે ટેકનોલોજીના ઉપીયોગથી મતદારો અને પ્રજાજનો સાથે સીધા સંપર્કનો આ નવતર અભિગમ અપનાવ્યો છે. કૃષિમહોત્સવ ૬ મે થી શરૂ થઈ રહ્યો છે.

આ વખતે કૃષિ મહોત્સવ તાલુકા પંચાયતની બેઠકનું કલસ્ટર બનાવી એક જ ગામે યોજવાનો અભિગમ અપનાવ્યો હોવાથી આયોજન પણ તંત્ર દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યું છે. તંત્ર પહેલીવાર ખેડૂતો પાસેથી પ્રશ્નો અગાઉથી મેળવી લેશે અને ત્યારબાદ સાંજના સુમારે વૈજ્ઞાનિકો દ્વારા તેના ઉકેલ સૂચવવામાં આવશે.

આ વખતે કૃષિ મહોત્સવનું આયોજન નવતર એટલા માટે બની રહેશે કે આ આયોજનમાં આપણો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ખાતે બીજી મે એ પ્રદેશ ભાજપ આગેવાનોની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ખાતે આગામી ૨જી મે ના રોજ પ્રદેશ ભાજપના આગેવાનોની એક મહત્વની બેઠક મળનારી છે. જેમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી લક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર ૨૦૧૨માં યોજાનારી છે. આ ચૂંટણીઓ આડે હવે માત્ર ૬ માસ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે આ ચૂંટણી જંગ જીતવા માટે ભાજપ દ્વારા અત્યારથી જ ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરીને ચૂંટણી તૈયારીઓ આરંભી દીધી છે.

આગામી ૨ જી મે ના રોજ ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આગેવાનોની એક મહત્વની બેઠક મળનારી છે. આ બેઠકમાં પ્રદેશના આગેવાનો, લોકસભા રાજયસભાના સાંસદો, મંત્રીઓ, ધારાસભ્યો, બોર્ડ નિગમોના ચેરમેનો, ડીરેટરો, જિલ્લા તાલુકા ભાજપના આગેવાનો, પ્રદેશ ભાજપના વિવિધ મોરચાના અધ્યક્ષો અને આગેવાનો જિલ્લા તાલુકા પંચાયતના પ્રમુખો તેમજ કેટલાક ટોચના કાર્યકરોને પણ આ બેઠકમાં હાજર રહેવા આમંત્રિત કરવામાં આવ્યા છે.

આગામી વિધાનસભા ચૂંટણીઓ નવા સીમાંકન પ્રમાણે યોજાનારી છે ત્યારે આ વખતે ભાજપ દ્વારા તેની ચૂંટણી રણનીતિમાં પણ ફેરફારો કરીને સ્થાનિક રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બુથ સમિતિઓની પુનઃરચના કરવાની પણ સક્રિય વિચારણા ભાજપે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

બીજીના રોજ મળનારી પ્રદેશ આગેવાનોની બેઠકમાં નવી સીમાંકન અંગે ચર્ચા વિચારણા કરીને વિધાનસભા મત વિસ્તારોને અને મતદારના જ્ઞાતિ સમીકરણોને ધ્યાનમાં રાખીને કયા પ્રકારના ચૂંટણી લક્ષી કાર્યક્રમો આપવા એ અંગે ચર્ચા અને મંથન કરીને ચૂંટણી લક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે અને આ કાર્યક્રમોનો અસરકારક અમલ કરવા માટે પ્રદેશ જિલ્લા તાલુકાના આગેવાનોને માર્ગદર્શન આપવામાં આવશે અને પક્ષ દ્વારા આપવામાં આવેલા કાર્યક્રમોને સફળ બનાવવા માટે અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠક બાદ મે માસના અંતથી વિધાનસભા મતવિસ્તાર વાર સંમેલનો, રેલીઓ સહીતના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે અને તેમાં ગુજરાતની વર્તમાન ભાજપ સરકારની કામગીરીથી મતદારોને આકર્ષિત કરી અને કેન્દ્રની કોંગ્રેસ સરકારની નીષ્ફળતાઓને છતી કરવામાં આવશે.

# યુવા મતદારોને આકર્ષવા કોલેજ કેમ્પસ કાર્યક્રમ

**રાજ્ય સરકાર દ્વારા ઘડાતો મહત્વકાંક્ષી કાર્યક્રમ : ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષથી યુવા મતદારો વધુ નોંધાયા છે : એન્જિનિયરીંગ ઉપરાંત કોમર્સ અને મેનેજમેન્ટ કૉલેજોમાં પણ કેમ્પસ યોજાશે**

ગાંધીનગર, તા. ૨૯

વિધાનસભાની આગામી ચૂંટણીમાં યુવા મતદારોને આકર્ષવા માટે ભાજપ સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને તેના ભાગરૂપે આગામી માસથી યુવાનોને અભ્યાસ પૂર્ણ કરે ત્યારે કોલેજમાંથી જ રોજગારી મળી જાય તે હેતુથી કેમ્પસ કાર્યક્રમ હાથ ધરવાની સક્રિય વિચારણા હાથ ધરી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ૬ રાજ્યોની યોજાયેલી ચૂંટણીમાં જે મતદાન થયું હતું તે મતદાનની પેટર્ન જોતા અને અન્નાના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન બાદ મોટા પાયા પર યુવા મતદારો બહાર આવીને ભારે મતદાન કર્યું હોવાનું એક અભ્યાસમાં તારણ બહાર આવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન ગુજરાતમાં યુવા મતદારો મોટી સંખ્યામાં નોંધાયા છે. આ યુવા મતદારોને મતદાન માટે બહાર લાવવા માટેના પ્રયાસ કરવાની સક્રિય વિચારણા ભાજપે હાથ ધરી છે.

રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વિકાસને કારણે ગુજરાતમાં રોજગારીની વિપુલ તકો વધવા પામી છે. જેનો સીધો લાભ યુવાનોને મળનાર છે. આથી આ બાબતને ધ્યાને રાખીને ભાજપ સરકારે યુવાનોને કોલેજોમાં અભ્યાસ પૂર્ણ કરે તેની સાથે જ રોજગારી મળી રહે તે માટે કોલેજ કેમ્પસનો કાર્યક્રમ હાથ ધરવાની સક્રિય વિચારણા હાથ ધરી છે. આ માટે સેક્ટર પ્રમાણે અને સ્થળ પસંદગી પ્રમાણે ખાનગી ઔદ્યોગિક એકમો, કન્સલટીંગ ફર્મ સ્વૈચ્છિક સંસ્થાઓ, જાહેર સાહસો, આઈ.ટી. કંપનીઓ, એન્જીનીયરીંગ કંપનીઓનો સંપર્ક કરીને તારવવામાં આવશે.

આ ઔદ્યોગિક એકમો યુનિવર્સિટી, કોલેજોની મુલાકાત લઈને ઈન્ટરવ્યુ લઈને યુવાનોને રોજગારી આપશે. જેના કારણે યુવાનોને સરળતાથી રોજગારી ઉપલબ્ધ થશે.

અત્યાર સુધી માત્ર એન્જીનીયરીંગ કોલેજોમાં જ કેમ્પસ કાર્યક્રમો હાથ ધરવામાં આવતા હતાં પરંતુ હવે ભાજપ સરકાર એન્જીનીયરીંગ કોલેજો ઉપરાંત ફાર્મસી, લૉ કોલેજો મેનેજમેન્ટ કોલેજો કોમર્સ કોલેજો વિજ્ઞાન કોલેજો સહિતની કોલેજોમાં પણ કેમ્પસ કાર્યક્રમો હાથ ધરીને યુવાનોને રોજગારી પુરી પાડવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે. આ માટે આગામી માસથી રાજ્યની કોલેજોમાં કેમ્પસ કાર્યક્રમ હાથ ધરવાની સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વિધાનસભા ચૂંટણી આડે હવે માત્ર ૬ માસ જેટલો જ સમય બાકી રહ્યો છે. ભાજપ દ્વારા ચૂંટણીની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જો કે આ વખતે ભાજપે તેની ચૂંટણી વ્યુહરચના બદલીને યુવા મતદારો ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે અને યુવાનોને આકર્ષવા માટે યુવાનોને ધ્યાને રાખીને કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ દરમ્યાન ભાજપ સરકાર દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણી દરમ્યાન યુવા સંમેલનો યોજવામાં આવ્યા હતા. ત્યારબાદ યુવાનોને રોજગારી પત્રો એનાયત કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા બાદ હવે કેમ્પસ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.


અલ્ટ્રાટેક સીમેન્ટ, TMT સ્ટીલ સ્પે. કપચી-ગ્રીટ, ડેકોરેટીવ નળીયા, સેનેટરી, પાઈપ ફીટીંગ, ઈંટોના જથ્થાબંધ તેમજ છૂટક સપ્લાયર્સ

દેશ કી શાન કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી

અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી

સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger
(લોદરા વાળા)

૯૩૩/૨, સેકટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦